ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**


મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૬ ટકા

# પર્વોની મોસમમાં ભીક્ષુકોની સંખ્યામાં ઉછાળો

## શહેરના મંદિરોમાં ભીક્ષુકો નાગરિકો પાસેથી પૈસા માંગતા જોવા મળી રહયા છે : મંદિરો પાસેથી ભીક્ષુકોને દૂર કરવાની લોકમાંગણી

ગાંધીનગર, તા.૨

શહેરમાં તહેવારોની મોસમ ખીલી ઉઠી છે. શહેરીજનોનો મંદિરોમાં ધસારો જોવા મળી રહયો છે. જેમાં સાથેસાથે ભીખ માંગવાવાળા લોકો પણ વધી ગયા છે. મંદિરોમાં શહેરીજનો ભક્તિભાવ અર્થે પૂજા કરવા માટે જતાં હોય છે જ્યાં તેમને ભીક્ષુકો દ્વારા પૈસાની માંગણીઓ કરવામાં આવે છે. તહેવારો આવતાની સાથે જ એકાએક ભીક્ષુકોનો વ્યાપ વધી ગયો છે. જેથી મંદિરોમાં જતાં શ્રધ્ધાળુઓ પણ વિચારમાં પડ્યા છે અને તેમને ન છૂટકે બે-પાંચ રૂપિયા આપવા મજબુર કરવામાં આવી રહયા છે. ગાંધીનગરમાં સિગ્નલો પાસે ભીક્ષુકોનો અડીંગો તો રહેતો જ હોય છે જેની ફરીયાદો પણ ઘણી બધી કરવામાં આવે છે. લોકોને ભીખારીઓને પૈસા ન આપવાની તાકીદ કરવામાં આવી છે. સોશ્યલ મીડીયાના માધ્યમોમાં આ બાબતે જાગૃતિ પણ ફેલાવવામાં આવે છે તેમ છતાં હાલમાં ભિક્ષુકો ધાર્મિક સ્થળો પર અડીંગો કરીને બેઠેલા જોવા મળી રહયા છે. નાના બાળકો સ્કુલ જવાની જગ્યાએ ભીક્ષા માંગતા જોવા મળી રહયા છે. ગરીબ પરિવારો નાના



બાળકોને ભીક્ષાની પ્રવૃતિમાં ધકેલી રહયા છે. ભીક્ષુકોના બાળકો શીક્ષણ મેળવી શકે તે માટે સરકારે વ્યવસ્થા કરી છે તેમ છતાં કોઈ બદલાવ આવી રહયો નથી.


મંદિરોમાં હાલમાં ભક્તોની ભીડ થઈ રહી છે તેવામાં ઘણા પરિવારો પોતાના બાળકોને પણ સાથે લઈને મંદિરે દર્શન માટે જતાં જોવા મળે છે. જેમાં અનૈતિક બનાવ કે બાળકો ગુમ થઈ જવાની ઘટનાઓ બનવાની ભીંતી જોવાઈ રહી છે. જવાબદાર તંત્ર દ્વારા મંદિરોની આસપાસ જોવા મળતા ભિક્ષુકોને દુર કરાવવા જોઈએ અને નાગરિકોએ પણ ભીક્ષુકોને પૈસા આપવાની ટેવ બંધ કરવી જોઈએ જે હીતાવહ ગણાશે.

શ્રાવણ માસમાં અચાનક ભીક્ષુકોની સંખ્યા વધવાથી શહેરમાં જાગૃત નાગરિકોમાં શંકાઓ પ્રવર્તી રહી છે. ભીક્ષુક પ્રવૃતિ કરતા માણસોથી ચેતવું જોઈએ. નાના બાળકોને ધાર્મિક સ્થળો પર સાચવીને રાખવા જોઈએ તથા શહેરીજનોએ ભીક્ષુકોને પૈસા આપવાનું ટાળવું જોઈએ.

# જન્મદિને વધામણી



મિલિન્દ અમીન
મો. ૯૮૨૫૬ ૯૩૩૩૨



સ્મિત પટેલ
મો. ૯૮૨૪૦ ૮૨૪૧૬



શીતલબેન રમેશભાઈ પરમાર



જયનીલ જયેશકુમાર જોષી



બુદ્ધ ઉજ્જવલ પી
મો. ૭૪૨૭૯ ૭૨૨૭૦



કુણાલ સુરેશભાઈ ત્રિવેદી
મો. ૯૭૨૩૬ ૭૫૨૯૨

## ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે સે-૧૩/બી શોપિંગ સેન્ટર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



આ કાર્યક્રમમાં મેયર હિતેશભાઈ મકવાણા, મહાનગર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સંગઠનના હોદ્દેદારો, નગરસેવકો, કાર્યકર્તાઓ અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સ્વચ્છતાના સંકલ્પ સાથે ઉપસ્થિત સૌને વાહનમાં સાથે રાખી શકાય તેવા મીની ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્ટુડન્ટ ફોર ડેવલપમેન્ટના એબીવીપી સાથે એમઓયુ



ગાંધીનગર, તા.૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા સ્ટુડન્ટ ફોર ડેવલપમેંટ દ્વારા એબીવીપી સાથે MoU કરવામાં આવ્યા. દિનાંક ૨૯/૦૭/૨૦૨૨ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્ટુડન્ટ સ્પોર્ટ કલ્ચર વેલ્ફેર બ્રાન્ચ અને એબીવીપીની ગતિવિધિ સ્ટુડન્ટ ફોર ડેવલપમેંટ દ્વારા ટ્રી પ્લાન્ટેશન ડ્રાઈવ અને એન્વાયરનમેન્ટ અવેરનેસ સંદર્ભે MoU કરવામાં આવ્યા હતા. આ MoUના ક્રિયાનવયન માટે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દિનાંક ૩૦/૦૭/૨૦૨૨ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કેમ્પસમાં ૧૦૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતાં. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આ બંને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિએ વિદ્યાર્થીઓને MoU સંદર્ભે કરી શકાય તેવી ગતિવિધિઓની માહિતી આપી હતી. ABVPમાંથી નગર તેમજ જિલ્લા કક્ષાએથી ચંદ્રદીપસિંહ ચુડાસમા, નગરમંત્રી ખેવનાબહેન, સંગઠનમંત્રી ધ્રુવભાઈ, SFD માલવભાઈ ભરવાડ હાજર રહ્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તમામ કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓએ સંપૂર્ણ સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ગાંધીનગર લિયો ક્લબ દ્વારા ફુડ ફોર હંગરનો કાર્યક્રમ



લિયો ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસનાં પહેલા સોમવારે ફૂડ ફોર હંગર કાર્યક્રમ અંતર્ગત સે-૧૦ અને સે-૨૦ની ઝુપડપટ્ટી વિસ્તારમાં જરૂરિયાતમંદોને એકાવન કિલો પોષ્ટિક વેજીટેબલ મસાલા ખીચડીનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં લિયો પ્રેઝિડન્ટ સીએ કરણ વિનોદ માનિક, લાયન પીપી જીતેન્દ્રસિંહ સોલંકી અને મોટી સંખ્યામાં લિયો મિત્રો હાજર રહ્યા હતા.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા વિનામૂલ્યે સુવર્ણપ્રાશન કેમ્પ યોજાયો



રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૩ આંગણવાડી સહિત આ વિસ્તારના અન્ય બાળકો માટે પુષ્યનક્ષત્ર નિમિત્તે સુવર્ણપ્રાશનના પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રતિમાસ પુષ્યનક્ષત્રના દિવસે સુવર્ણપ્રાશન આપવામાં આવે છે. સંસ્કાર આયુ. એન્ડ પંચકર્મ ક્લીનીકના ડો. સીમા ઠક્કરના સહયોગથી યોજાયેલ આ કાર્યક્રમમાં આંગણવાડી, સેક્ટર-૧૩ તેમજ આ સેક્ટરની વિસ્તારના ૧૪૦થી વધુ બાળકોએ લાભ લીધો હતો. કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ રોટે. પાર્થ ઠક્કર, રોટે.રાજીવ ભંડારી, રોટે. અશ્વિન શર્મા, રોટે. ગૌરાંગભાઈ રાવલ, રોટે.વી. એલ. પટેલ, રોટે. ઉરેન પટેલ, રોટે.વિજય ઠક્કર, રોટે. મુકેશ સરૈયા સહિત આંગણવાડીના સંચાલિકા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર સાહિત્યસભા દ્વારા આયોજિત પુસ્તક 'મેવાડના માર્કંડ' વિમોચન પ્રસંગે અશ્રુનો અભિષેક



ગાંધીનગર, તા.૨

શ્રાવણ મહિનાના પ્રથમ રવિવારે સ્વ. નટવરભાઈ હેડાઉની મરણોત્તર નવલકથા 'મેવાડના માર્કંડ'નું વિમોચન કરવામાં આવ્યું હતું જે આખો કાર્યક્રમ ભાવવાહી બની રહ્યો હતો. ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વ અધ્યક્ષ અને ગુજરાત સાહિત્ય સંગમના અધ્યક્ષ સ્વ. નટવરભાઈ હેડાઉની મરણોત્તર નવલકથા 'મેવાડના માર્કંડ'નો વિમોચન કાર્યક્રમ રવિવાર ૩૧ જૂલાઈના રોજ સાંજે પાંચ વાગ્યે સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સેક્ટર - ૭ ખાતે રાખવામાં આવ્યો હતો જે હોલ આખો ભરાઈ જતાં વધારાની બેઠક વ્યવસ્થા કરવી પડી હતી જે એમની લોકપ્રિયતા બતાવે છે.

ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય સંગમના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ પુસ્તક વિમોચનનું દીપ પ્રાગટ્ય પ્રવીણભાઈ જોષી, ગુર્જર પ્રકાશનના રોહિત શાહ, જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, ગાંધીનગર મેડિકલ એસોસિયેશનના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણ, ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત અને ડો. ઈશ્વરસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું અને આ મહેમાનો દ્વારા જ 'મેવાડના માર્કંડ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું જેમાં એમના ધર્મપત્ની મીનાબહેન હેડાઉ, કરિશ્માબહેન અને કિરણભાઈ જોડાયા હતા.

## ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો



રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન એન પી પટેલના ફાર્મ ધોળાકુવા પર કરવામાં આવ્યું હતું. રોટેરિયન એન પી પટેલના જન્મદિવસની ઉજવણી માટે ઘણા કાર્યક્રમનું આયોજન ધોળાકુવા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ફ્રી સર્વ રોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષા રોપણ જેવા વિવિધ પ્રકારના કાર્યક્રમો કર્યા હતા. નિદાન કેમ્પમાં ૫૫૦ થી વધારે જરૂરિયાતમંદ લોકોએ લાભ લીધો હતો. કેમ્પમાં ડો કાંતિ શેખાત (સ્કીન સ્પેશિયાલીસ્ટ), ડો જયંત ત્રિવેદી (ફેફસાં નિષ્ણાત), ડો રાજેશ શાહ(સ્ત્રી રોગ નિષ્ણાત), ડો અલ્પેશ પટેલ (હાડકાના રોગોના નિષ્ણાત), રોટેરિયનડો પિયુષ દવે (આંખના રોગોના નિષ્ણાત)અને રોટેરિયન ડો જગદીશ પટેલ (રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ) દ્વારા સેવા પુરી પાડવામાં આવી હતી.પી એફ ટી ટેસ્ટ, ડાયાબિટીસની તપાસ અને દવાઓનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

## શારદા સ્કુલ ઓફ ફાર્મસી દ્વારા ૨૦મી ઈન્ડો-યુએસ ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરાયું



ગાંધીનગર, તા.૨

શારદા સ્કુલ ઓફ ફાર્મસી દ્વારા ૨૦મી ઈન્ડો-યુએસ ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો.એમ.એમ.પટેલ (પૂર્વ વાઈસ ચાન્સેલર સાબરમતી યુનિ.) મુખ્ય અતિથિ તરીકે ડો.બી.એન.સુહાગીયા (ડીન, ડીડીએ, નડીયાદ) અતિથિ વિશેષ તરીકેઉપસ્થિત રહયા હતા. આ પ્રથમ ઓફલાઈન પ્રોગ્રામમાં સંવાદની શરૂઆત અને તમામ વિદ્યાર્થીના સ્વાગત ડો.દિવ્યકાંત પટેલે કર્યુ હતું. પ્રથમ લેકચર ડો.સુનિતા દહીયા દ્વારા નેનોક્રસ્ટલ ઉપર ઉંડાણપૂર્વક ચર્ચા કરી હતી ત્યારબાદ પ્રો.ગોવિંદાસોમી જયાબલે પણ ફાર્મસી પ્રોફેશન ઉપર ઉંડાણપૂર્વક વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને વિવિધ ઈનામ વિતરણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ડો.દીવ્યકાંત તથા સંસ્થાના ફેકલ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના ટ્રસ્ટી ડો.નરેશ પટેલ અને યોગેશ પટેલે અભિનંદન આપ્યા હતા.

## બ્રહ્માકુમારીઝ દ્વારા ગાંધીનગરના જન્મ દિવસે નિઃશુલ્ક હેલ્પ ચેકઅપ, કેન્ડલ લાઈટીંગ અને કેક કટીંગ કરી ઉજવ્યો

ગાંધીનગર, તા.૨

૨જી, ઓગસ્ટ ગાંધીનગરના ૫૭મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય, સેક્ટર.૨૮, ગાંધીનગર ખાતે સવારના નિયમિત મુરલી ક્લાસ પછી સવારે ૮.૦૦ વાગે બ્રહ્માકુમારીઝ, સૌ પ્રથમ હિન્દી વેબ ન્યુઝ ચેનલ તસવીરે ગાંધીનગર, પત્રકાર એકતા પરિષદ અને પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર સેકટર-૨૪ દ્વારા "Long Live, Healthy Life" કાર્યક્રમ અંતર્ગત "Life Science Diagnostics સે-૨૪ના ઉદ્દ્ઘાટન તથા નિઃશુલ્ક ડાયાબિટીસ તપાસ અને હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંચ પર બ્રહ્માકુમારીઝ ગાંધીનગર સંચાલિકા કૈલાશ દીદીજી, સૌ પ્રથમ હિન્દી વેબ ન્યૂઝ ચેનલ તસવીરે ગાંધીનગરના માલિક કશ્યપભાઈ નિમાવત, પત્રકાર એકતા પરિષદના સેક્રેટરી ગૌરાંગભાઈ પંડયા, મુક્તિધામના સંચાલક અને રેડક્રોસ સોસાયટીના જીલુભા ધાંધલ, પૂર્વ કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, Life Science Diagnostics ના વિક્રમસિંહ ચાવડા, સેજલબા રાઓલ ખાસ ઉપસ્થિત રહેલ હતા. ગાંધીનગરના ૫૭મા સ્થાપના દિવસ નિમિત્તે મંચસ્થ સૌ મહેમાનોએ જ્યારે કેન્ડલ લાઈટિંગ કરેલ ત્યારે શ્રોતાગણે પણ પોતાના મોબાઈલની ટોર્ચ બતાવી 'હમ સબ સાથ સાથ હૈ' ની ઉક્તિને સત્ય પુરવાર કરી હતી. સ્થાપના દિવસના આ શુભ પ્રસંગે પરમાત્માની યાદમાં કેક કાપીને સૌનું મુખ મીઠું કરવામાં આવેલ. આદરણીય કૈલાશ દીદીજી સૌને ગ્રીન સીટી ગાંધીનગરને અને નગરજનોને શિવ પરમાત્મા તરફથી આશીર્વાદ આપતા જણાવ્યું કે, ગાંધીનગરનું નામ સમગ્ર વિશ્વમાં ખૂબ જ આગળ વધશે. આ પ્રસંગે ઝીલુભા ધાંધલે પણ પોતાની શુભેચ્છા વ્યક્ત કરતાં કહયું કે ઉપસ્થિત સૌ વડીલોના આશીર્વાદ સદા અમને સાંપડતા રહે અને અમે અંત સુધી સમાજ સેવામાં કરતાં રહીશું એવી આશા રાખું છું. આ પ્રસંગે ગાંધીનગરના મેયર ભ્રાતા હિતેશભાઈ મકવાણા એ પણ ઉપસ્થિતિ નોંધાવી પોતાની શુભેચ્છા વ્યક્ત કરી હતી. સ્ટેજ કાર્યક્રમ બાદ ડો અરવિંદસિંહ વાઘેલા MBBS, ડૉ ભવદીપ પટેલ MBBS, ડૉ વસંતભાઈ ગોસાઈ એમ.ડી. પેથોલોજી, વિક્રમસિંહ ચાવડા, ફોરમબેન ગજ્જર, અજયભાઈ દરજી (પ્રિન્સિપાલ ઓફ MLT શારદા કોલેજ), પ્રિતેશભાઈ સંઘાડા, સેજલબા રાઓલ, દર્શનભાઈ લિંબાચિયા, નેહાબેન અને કાજલબેન દ્વારા વજન, બી.પી., ડાયાબિટીસ, બ્લડ ગ્રુપ અને જનરલ હેલ્થ ચેકિંગ કરી જરૂર પુરતી ઉપલબ્ધ દવાઓ પણ નિઃશુલ્ક પુરા પાડવામાં આવ્યા હતા.









ચિલોડા સ્વામિનારાયણ શાળા અને શિહોલીમોટી ગામે ૧૩૫ (એમ) બીએન સીઆરપીએફ બટાલીયન દ્વારા વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાયુ હતું. જેમાં શાળાના આચાર્ય માનસિંહ અને શિહોલી મોટી ગ્રામના સરપંચ પરબતસિંહ ઠાકોર ઉપસ્થિતિમાં બાળકો બાળતરુંના રોપા કરી આનંદિત બન્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ભંગી જેઠાભાઈ કાનાભાઈ, ઉ.વ.૭૦, સેકટર-૨૫
- સ્વ.પરમાર ગુલાબસિંહ અમરસંગ, ઉ.વ.૩૯, વલાદ
- સ્વ.વણઝારા ચેતનભાઈ દિનેશભાઈ, ઉ.વ.૦૬, સે-૨૮, ચરેડી છાપરા
- સ્વ.મેવાડા રામચંદ્ર જયચંદદાસ, ઉ.વ.૭૯, સેકટર-૩
- સ્વ.બારોટ સંજય ધીમતભાઈ, ઉ.વ.૫૧, સેકટર-૬
- સ્વ.વાઘેલા રામાજી મંગાજી, ઉ.વ.૭૫, માણેકપુર, માણસા
- સ્વ.પરમાર મણીબેન હમીરભાઈ, ઉ.વ.૭૧, કોલવડા
- સ્વ.ડાભી મગનજી ભેમાજી, ઉ.વ.૮૯, ખોરજડાભી, કલોલ